ગાંધીનગર સમાચાર

અશ્વિની-પિયુને તાના-રીરી ઍવોર્ડ, અનુરાધા પોંડવાલનો સત્કાર

ગાંધીનગર, તા. ૭

કવિ નરસિંહ મહેતાની દૌહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના-રીરીની યાદમાં દર વર્ષે તાના-રીરી મહોત્સવ વડનગર ખાતે યોજવામાં આવે છે. મહોત્સવના પ્રથમ દિવસે વિવિધ ત્રણ વિશ્વ રેકોર્ડ કરનાર સંસ્થાઓને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રમાણપત્ર આપ્યું હતું. આ ઉપરાંત એવોર્ડી કલાકારો સહિત આજના દિવસે પરફોર્મન્સ કરનાર કલાકારોનું સ્વાગત-સન્માન પણ કર્યું હતું.

અશ્વિની ભીડે દેશપાંડે અને પિયુ સરખેલનું મુખ્યમંત્રીના હસ્તે રૂા. ૨.૫૦ લાખ અને તામ્રપત્ર-શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. પદ્મશ્રી અનુરાધા પૌંડવાલનું સ્વાગત પણ કરાયું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વડનગરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાનું કામ તાના-રીરી મહોત્સવ થકી થઈ રહયું છે. રાજ્ય સરકાર દ્વારા સંગીત ક્ષેત્રમાં શાસ્ત્રીય સંગીતને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. સંગીત વિરાસતને વધુ મજબૂત કરવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. વડનગરની કન્યાઓએ સંગીતની સાધનાને આત્મસાત કરી હતી. તાન-સેનના દેહમાં ઉપડેલી દાહને મલ્હાર રાગ ગાઈ સાંત્વના આપી હતી. આવી સંગીત બેલડી તાના-રીરી બહેનોની યાદમાં સરકાર દ્વારા તાના-રીરી મહોત્સવ દર વર્ષે ઉજવાય છે. સરકાર કલા, સાહિત્ય, સંગીત વારસા સાથે રમત-ગમત ક્ષેત્રને પણ મહત્વ આપી રહી છે. સંગીત ભારતીય સંસ્કૃતિની ધરોહર છે અને સંગીતની સાધના એટલે ઈશ્વરની સાધના. ભાવી પેઢીમાં સંગીત કાયમ માટે ગુંજતું રહે તેવા પ્રયાસો સરકાર દ્વારા તાના-રીરી મહોત્સવ થકી થઈ રહ્યાછે. ગુજરાતની પ્રગતિ સાથે સંગીત, કલા, સાહિત્ય અને સાંસ્કૃતિક વારસાનો વિકાસ થાય તેની સતત સરકાર દ્વારા ચિંતા થઈ રહી છે. રાજ્યનો કલાકાર વિશ્વમાં નામના મેળવે તે માટે કલામહાકુંભ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે તેમણે ઉમેર્યું હતું કે ઉજ્જવળ વારસાના ઉજ્જવળ ઈતિહાસને જાગૃત કરવા આપણે સૌ આવા મહોત્સવ થકી પ્રયત્ન કરીએ.

તાના-રીરી મહોત્સવના પ્રથમ દિવસે પદ્મશ્રી અનુરાધા પૌડવાલ દ્વારા રજૂ થયેલા શાસ્ત્રીય સંગીત સાથે ગુજરાતી ગીતોએ સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા. અશ્વિની ભીંડે દેશપાંડે અને પિયુ સરખેલ દ્વારા શાસ્ત્રીય ગાયન રજૂ કરાયું હતું. ડૉ. ધ્વનિ વચ્છરાજાની, ગાર્ગી વોરા અને ભક્તિ જોષી દ્વારા શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

દેશની સૌથી મોટી વીમા કંપની એલઆઈસી ૩૦ નવેમ્બરથી કેટલીક સ્કીમ્સ બંધ કરી દેશે

ગાંધીનગર, તા. ૭

ચાલુ માસની છેલ્લી તારીખ ૩૦મી નવેંબરથી દેશની સૌથી મોટી વીમા કંપની LIC પોતાની કેટલીક સ્કીમ્સ બંધ કરશે જેમાં બેસ્ટ સેલર ગણાયેલી જીવન આનંદ, જીવન ઉમંગ, જીવન લક્ષ્ય અને જીવન લાભનો પણ સમાવેશ થાય છે.

બે ડઝનથી પણ વધુ યોજનાઓ બંધ થશે જેમાં વ્યક્તિગત વીમા ઉપરાંત ગ્રુપ વીમો તથા સાતથી આઠ રાઈડર્સનો સમાવેશ થાય છે. જો કે કંપનીએ એવો દાવો કર્યો છે કે થોડા મહિના પછી આ યોજનાઓ રિલૉંચ કરાશે. જો કે રિલૉંચ કરાયેલી યોજનાઓમાં બોનસ રેટ્સ અને ઊંચા પ્રીમિયમ દરો હશે એવું કહેવાય છે. કંપની ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર દ્વારા તૈયાર કરાયેલી યોજના અંતર્ગત રિલૉંચીંગ કરશે જેની સીધી અસર ગ્રાહકોને થશે.

એક રિપોર્ટ મુજબ ૩૦ નવેંબરથી LIC ૭પથી ૮૦ પ્રોડક્ટ બંધ કરશે. આ વર્ષના જુલાઈની આઠમીએ પ્રગટ થયેલા ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર મુજબના આ પ્રોડક્ટ નથી. એટલે LICના એજન્ટ્સ ૩૦ નવેંબર પહેલાં વધુમાં વધુ ગ્રાહકોને હાલની પ્રોડક્ટ્સ ખરીદવા પ્રેરિત કરશે.

૧૦મીએ સાહિત્ય સભાનું સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૭

વિક્રમ સંવત ૨૦૭૬ના આરંભે સૌને અભિનંદન, શુભેચ્છા પાઠવવા ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સ્નેહમિલનનો કાર્યક્રમ યુથ હૉસ્ટેલ, સૅક્ટર-૧૬ ખાતે રવિવાર, તા. ૧૦મી નવેમ્બરના રોજ સાંજે પથી ૭ દરમિયાન યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે સૌ સર્જકોને પોતાની સ્વરચિત ગદ્ય કે પદ્ય રચના સાથે તેના પઠન માટે ઉપસ્થિત રહેવા સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે આમંત્રણ પાઠવ્યું છે. નવા વર્ષની શુભ શરૂઆત સૌની પોતાની રચનાથી થાય એવા ઉદ્દાત ભાવ સાથે ગાંધીનગર સાહિત્ય સભાની આ માસિક બેઠક યોજાઈ રહી છે.

૮ શાળાઓએ વધારાની દોઢ કરોડ ફી ઉઘરાવી

ગાંધીનગર, તા. ૭

દોઢ કરોડની વધારાની ફી લેનારી અમદાવાદ શહેરની ૮ ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ શિક્ષણ વિભાગના રડારમાં આવી છે. રાજકોટની એકાઉન્ટ જનરલ કચેરીએ કરેલી તપાસમાં આ વિગતો સામે આવી છે. જેને પગલે શાળાઓ ખુલાસો નહિ કરે તો આચાર્યોના પગાર બંધ કરવાની જિલ્લા શિક્ષણ અધિકારીએ ચીમકી આપી છે. વર્ષ ૨૦૧૨-૧૩થી વર્ષ ૨૦૧૬-૧૭ સુધી શહેરની ગ્રાન્ટેડ વિકલ્પ વાળી શાળાઓએ વધુ ફી ઉઘરાવી હોવાની વિગતો સામે આવી છે. જેમાં અમદાવાદની ૮ શાળાઓએ ૧.૪૯ કરોડની વધુ ફી લીધી હોવાની ચોંકાવનારી હકીકત રાજકોટની એજી કચેરીની તપાસમાં બહાર આવ્યું છે.

જે આઠ શાળાઓને શિક્ષણ વિભાગે ખુલાસો કરવા નોટિસ આપી છે તેમાં અમદાવાદ શહેરની દિવાન બલ્લુભાઈ પાલડી, દિવાન બલ્લુભાઈ કાંકરિયા, બીવીડી હાઈસ્કૂલ ઘોડાસર, સ્વસ્તિક હાયર સેકન્ડરી સ્કૂલ નવા વાડજ, એરોમા સ્કૂલ ઉસ્માનપુરા, અસારવા વિદ્યાલય અસારવા, શારદા હાયર સેકન્ડરી સ્કૂલ પારુલ નગરનો સમાવેશ થાય છે.

આ શાળાઓ દ્વારા અમાન્ય રીતે વધુ ફી ઉઘરાવી હોવાનું સામે આવ્યું છે. અગાઉ આ શાળાઓનો ખુલાસો માંગવામાં આવ્યો હતો. પરંતુ શાળાઓ જવાબ રજુ નહીં કરી શકતા કંઈક ખોટું થયાની ગંધ શિક્ષણ વિભાગને આવી હતી. જેને પગલે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ આ આઠ શાળાઓને નોટિસ ફટકારી વધારાની ફી જમા કરવાની તાકીદ કરી છે.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં વિશ્વમંગલ મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૭

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયેલ વિશ્વ મંગલ મહોત્સવનો પ્રારંભ આચાર્ય સ્વામી મહારાજ અને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રીમુખવાણી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અને જીવનપ્રાણ શ્રી અબજીબાપા શતામૃત પ્રસંગે સંસ્થા દ્વારા મુખ્યમંત્રીના વરદ હસ્તે કન્યા કેળવણી, નૂતન હૉસ્પિટલ જેવા ઉપક્રમો માટે સહાયના દોઢ કરોડના ચૅક અર્પણ કરવામાં આવ્યા હતા અને ૧૬ જેટલા ધાર્મિક ગ્રંથોનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

ભારત, અમેરિકા, નૈરોબી, લંડન અને બોલ્ટનનું સ્કોટિશ પાઈપ બેન્ડ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યું હતું. રાજયના મંત્રી વાસણભાઈ આહિર, ધારાસભ્ય વિરેન્દ્રભાઈ જાડેજા, પ્રદ્યુમનસિંહ જાડેજા, જિલ્લા કલેક્ટર નાગરાજન, આજીપી સુભાષભાઈ ત્રિવેદી, જિલ્લા વિકાસ અધિકારી પ્રભવ જોશી, માજી સાંસદ પુષ્પદાન ગઢવી, જિલ્લા ભાજપ અધ્યક્ષ, સરપંચ ઉષાબેન મકવાણા, પૂર્વ મંત્રી તારાચંદ છેડા, નીમાબેન આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. કચ્છના સંગીતકાર કીર્તિભાઈ વરસાણી તથા મુંબઈના કલાકારો દ્વારા ભક્તિ સંગીતનો કાર્યક્રમ, બાળ શિબિર તથા યુવા શિબિર પણ આ પ્રસંગે યોજવામાં આવી હતી.

કાર્યક્રમનો લાભ લેવા બળદિયા ગામમાં ભાવિકોનું ઘોડાપૂર ઊમટ્યું હતું.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

કેન્દ્ર સરકાર નવો વેજ કોડ લાવશે

સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ દ્વારા નેશનલ ફલોર વેજ (પગાર)ને કાનૂની વાઘાં પહેરાવવામાં આવશે જેનો કેન્દ્ર અને રાજ્યોએ અમલ કરવાનો રહેશે : ન્યૂનતમ પગારમાં ૨૮ ટકાનો વધારો થશે

ગાંધીનગર, તા. ૭

દેશભરમાં કામ કરતા કામદારો-શ્રમિકોને મળતા લઘુતમ વેતનમાં આવતા ૩ મહિનાની અંદર વધારો થાય તેવી પુરેપુરી શકયતા છે. કેન્દ્ર સરકારે કામદારો માટેના નવા નિયમો ઘડયા છે જે અંતર્ગત લઘુતમ વેતન પણ વધશે. ૨૦૧૭માં નક્કી કરવામાં આવેલ પગારની માર્ગદર્શિકા અનુસાર હાલ જે ચુકવણુ થાય છે તેમાં ૨૮ ટકાનો વધારો થશે.

શ્રમ મંત્રાલય દ્વારા વેતન અંગેના નિયમો ૨૦૧૯ અંતર્ગત લોકો પાસેથી જે સૂચનો માંગવામાં આવ્યા છે તેનો આ એક ભાગ છે. કેન્દ્ર સરકારે ઘડેલો મુસદ્દો જણાવે છે કે પહેલી વખત સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ દ્વારા નેશનલ ફલોર વેજ (પગાર)ને કાનૂની વાઘા પહેરાવવામાં આવશે જેનો કેન્દ્ર અને રાજ્યોએ અમલ કરવાનો રહેશે. જે દૈનિક રૂ. ૨૦૦ અને ૨૨૫ની વચ્ચે નક્કી કરવામાં આવે તેવી શકયતા છે. આનાથી ૧૪ થી ૨૮ ટકાનો વધારો થશે. હાલ કેટલાક રાજ્યોમાં દૈનિક રૂ. ૧૭૫ ચૂકવવામાં આવે છે. નવા નિયમો હેઠળ કામકાજની શિફટ ૯ કલાકની રહેશે.

દેશમાં સોનાની માંગમાં ૩૨ ટકાનો ઘટાડો, માંગ ૧૨૩.૯ ટને પહોંચી

સોનાની ઈમ્પોર્ટ પણ ૨૧૯ના ત્રીજા ક્વાર્ટરમાં ૬૬ ટકા ઘટીને ૮૦.૫ ટન રહી

ગાંધીનગર, તા. ૭

ભારતીયોને હવે સોનુ વધારે આકર્ષી રહ્યુ નથી તેવુ લાગી રહ્યુ છે. કારણ કે છેલ્લા ત્રણ વર્ષમાં ભારતીયોએ જુલાઈ સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન સૌથી ઓછુ સોનુ ખરીદયુ છે. આ સમયગાળામાં સોનાની માંગમાં ૩૨ ટકાનો ઘટાડો થયો છે અને માંગ ઘટીને ૧૨૩.૯ ટન પર આવી ગઈ છે.સોનાની ઈમ્પોર્ટ પણ ૨૧૯ના ત્રીજા ક્વાર્ટરમાં ૬૬ ટકા ઘટીને ૮૦.૫ ટન રહી ચુકી છે.ચીન બાદ ભારત સોનાનો સૌથી મોટો ખરીદાર દેશ છે.બીજી તરફ દુનિયામાં સોનાની ડીમાન્ડ આ જ સમયગાળા દરમિયાન ૧૧૦૭ ટન પર પહોંચી છે. જાણકારોના કહેવા પ્રમાણે પહેલેથી આયાત કરાયેલા સ્ટોક અને રિસાયકલિંગથી જ જ્વેલર્સ ડીમાન્ડ પુરી કરી રહ્યા છે.ઉપરાંત સોનાની કિંમતમાં થયેલા વધારાની અસર પણ પડી રહી છે.મંદીની અસર પણ સોનાની માંગ પર જોવા મળી રહી છે.હાલની ડીમાન્ડ ૧૨૩.૯ ટન છે.જેમાં ઘરેણા માટેની ૧૦૧.૬ ટકન માંગ અને સોનાના સિક્કા તેમજ બિસ્કિટની માંગ ૨૩ ટન જેટલી છે.૨૦૧૮માં આ જ ક્વાર્ટરમાં સોનાની માંગ ૧૮૩.૨ ટન હતી. ૨૦૧૯માં પહેલા નવ મહિનામાં દેશમાં સોનાની માંગ ૪૯૬.૧૧ ટન રહી ગઈ છે.એક વર્ષ પહેલા આ જ સમયગાળામાં સોનાની માંગ ૫૨૩ ટન જેટલી હતી.૨૦૧૯ના પહેલા નવ મહિનામાં સોનાની આયાત પણ ઘટીને ૫૦૨.૯ ટન રહી છે.આ જ સમયગાળામાં ગયા વર્ષે આયાત ૫૮૭ ટન હતી.

સપ્ટેમ્બરમાં પીએમઆઈ ગ્રોથ ૪૮.૭ હતો

ઑક્ટોબરમાં સર્વિસ સૅક્ટરનો પીએમઆઈ ૪૯.૨ના સ્તરે પહોંચ્યો

ગાંધીનગર, તા. ૭

ઔદ્યોગિક ક્ષેત્રની સામે સેવા ક્ષેત્રમાં આર્થિક મંદીની સ્થિતિ પ્રવર્તી રહી છે. ઓક્ટોબરમાં સર્વિસ સેક્ટરનો પીએમઆઈ સુધરીને ૪૯.૨ના સ્તરે નોંધાયો છે જ્યારે સપ્ટેમ્બરમાં પીએમઆઈ ગ્રોથ ૪૮.૭ હતો. જો કે સતત બીજા મહિને ગ્રોથ ૫૦ના લેવલની નીચે રહ્યો છે જે સેવા ક્ષેત્રની કામગીરીમાં સંકોચનના સંકેત આપે છે.

આ અગાઉ સર્વિસ સૅમાં ઓગસ્ટ ૨૦૧૭માં સતત બે મહિના સુધી નેગેટિવ ગ્રોથ જોવા મળ્યો હતો તે સમયે દેશભરમાં નવી કરપ્રણાલી ગુડ્સ અને સર્વિસ ટેક્સ (જીએસટી)નો અમલ શરૂ થયો હતો.

એક ખાનગી સર્વેમાં જાણવા મળ્યું છે કે બિઝનેસ આશાવાદ ત્રણ વર્ષના સૌથી નીચલા સ્તરે નોંધાયો છે જે સર્વિસ ઉદ્યોગ માટે પણ ઘણું જ નુકસાનકારક છે.

આ સાથે જ સર્વેમાં જણાવ્યા મળ્યું કે, રિઝર્વ બેંક દ્વારા ચાલુ વર્ષે વ્યાજદરોમાં ૧૩૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો અને સરકાર દ્વારા તાજેતરમાં લેવાયેલા આર્થિક સુધારાઓને કારણ બિઝનેસ એક્ટિવિટીને નજીવો ટેકો મળ્યો છે. એક બાજુ માંગ સુસ્ત છે તો બીજી બાજુ ઉત્પાદન ખર્ચ વધી રહ્યું છે. જેને લીધે નફો સંકોચાયો છે.

મંદીની અસર દેખાઈ : હોન્ડા કંપનીએ ૨૫૦૦ કર્મચારીઓને ઘરભેગા કર્યા

કોન્ટ્રેક્ટ પર રાખવામાં આવેલા કર્મચારીઓને છૂટા કરાયા

ગાંધીનગર, તા. ૭

દેશમાં હાલ ઓટો સેક્ટર પર મંદીના વાદળ છવાયા છે. જ્યારે આ સ્થિતિમાં દેશના ઓટો સેક્ટરની પ્રમુખ કંપનીઓમાંથી એક હોન્ડા કંપનીએ તેના ૨૫૦૦ કર્મચારીઓને ઘર ભેગા કર્યા છે. કંપની દ્વારા જે કર્મચારીઓને કોન્ટ્રેક્ટ પર રાખવામાં આવ્યા હતા એવા કર્મચારીઓને બહાર કરી દેવામાં આવ્યા છે. એમ મુદ્દા સાથે સંકળાયેલ સૂત્રોએ જણાવ્યું છે.

સૂત્રો મુજબ મંદીના કારણે કંપનીએ આ નિર્ણય લીધો છે. કંપનીએ તેના ગુરુગ્રામના માનેસર પ્લાન્ટથી લગભગ ૨૫૦૦ કર્મચારીઓની છટણી કરી છે. આ કર્મચારીઓ કોન્ટ્રેક્ટ બેઝ હતા. નોકરી જતા કર્મચારીઓએ કંપની પ્લાન્ટ બહાર રોડ પર ભારે હોબાળો મચાવ્યો અને વિરોધ કર્યો. રિપોર્ટ મુજબ કંપનીમાંથી બહાર કરવામાં આવેલ કર્મચારીઓ હોન્ડા પ્લાન્ટની બહાર જમા થયા હતા અને તે મેનેજમેન્ટના નિર્ણયનો સતત વિરોધ કરી રહ્યા હતા.

રિપોર્ટ પ્રમાણે જ્યારે ગઈકાલે છટણી કરેલા કર્મચારીઓએ કંપનીના પ્લાન્ટની બાહર હોબાળો કર્યો તો ત્યાં સુરક્ષા હેતું પોલીસ દળને બોલાવવામાં આવ્યા હતા. કર્મચારીઓનો આરોપ છે કે તેમને કોઈ પણ પ્રકારની નોટિસ આપ્યા વગર બહાર કરવામાં આવ્યા છે. જેના કારણે તેઓ વિરોધ કરી રહ્યા છે.

બાળકોને જંક ફૂડથી દૂર રાખવા સરકાર સક્રિય, આપણે ?

ડિસેમ્બરથી ચરબી, મીઠું અને ખાંડનું ઊંચું પ્રમાણ ધરાવતી ખાદ્ય ચીજો સ્કૂલની કૅન્ટિન, મૅસ કે હૉસ્ટેલના રસોડામાં નહીં વેચવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય : આપણે એમાં કેટલું યોગદાન આપીશું ?

શાળામાં અભ્યાસ કરતા, બૉર્ડિંગમાં રહેતા વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર આવ્યા છે. કેન્દ્ર સરકારે શાળાની કેન્ટિનમાં ચરબી, મીઠું અને ખાંડનું ઉંચું પ્રમાણ ધરાવતી ખાદ્ય ચીજો બંધ કરવાનાં પગલાં લીધાં છે.

આગામી ડિસેમ્બર માસથી શાળાના કાફેટેરિયા અને બૉર્ડિંગના મેનૂમાં કોલા, પોટેટો ચિપ્સ, પૅકેજ્ડ

જ્યુસ, પિઝા, બર્ગર, સમોસા અને છોલે-ભટુરે પર પ્રતિબંધ મૂકી દેવામાં આવશે. આ ઉપરાંત શાળાની સ્પૉર્ટ્સ ઈવેન્ટ દરમિયાન જંક ફૂડની જાહેરખબર ઉપર પણ પ્રતિબંધ ઉપરાંત શાળાના કમ્પ્યુટર્સના વૉલપેપર ઉપર અને શાળાસંકુલના ૫૦ મીટર વિસ્તારમાં જંક ફૂડની જાહેરખબર ઉપર પ્રતિબંધ આવી જશે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાએ શાળામાં અભ્યાસ કરતાં બાળકોના જંક ફૂડનો વપરાશ અટકાવવા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ રેગ્યુલેશન્સ-૨૦૧૯ હેઠળ આ નિયમો બનાવ્યા છે. 'ઇટ રાઈટ' નામની આ ઝૂંબેશ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહથી જ અમલી બનશે, જે અંતર્ગત ચરબી, મીઠું અને ખાંડનું ઊંચું પ્રમાણ ધરાવતી ખાદ્ય ચીજો સ્કૂલની કૅન્ટિન, મૅસ કે હૉસ્ટેલના રસોડામાં વેચી નહીં શકાય.

ઉલ્લેખનીય છે કે કૉર્ટની તાકીદ અને અનેક સ્વૈચ્છિક સંસ્થાઓમાં પીરસાતાં ખાણાંનો અભ્યાસ કર્યા પછી સ્ટાન્ડર્ડ્ઝ ઑથોરિટી દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. નિર્ણય તો સારો છે અને તેની અમલવારી પણ થાય તો ઘણું સારું છે. પરંતુ સવાલ એ છે કે માત્ર ઑથોરિટીએ હુકમ કર્યા પછી અને શાળાએ અમલવારી કર્યા પછી બાળકોને જંક ફૂડથી દૂર રાખી શકાશે ખરાં ? ઘણી સ્કૂલ્સે આ પ્રકારના પ્રયોગ કરી જોયા છે. બાળકો લંચ બૉક્સમાં બહારની ખાદ્યચીજો લાવવી નહીં, માત્ર ઘરની ખાદ્યચીજો જ લાવવી એવા નિયમો ઘણી સ્કૂલ્સે ચલાવ્યા હતા. અમુક સ્કૂલ્સે તો અઠવાડિયાનું મેનૂ પણ નિયત કરીને વાલીઓને પકડાવી દીધાના દાખલા છે. પરંતુ, આ બધું લાંબું ચાલ્યું નથી. મોટાભાગની સ્કૂલ્સને આ મુદ્દો પડતો મૂકવો પડ્યો છે. એનું કારણ શું ? બાળકોના વાલીઓ.

'તારી ટીચર તો નવરી છે, રોજ નવા ધતિંગ કાઢે છે...' એવું બોલનારા વાલીઓ એ ભૂલી જાય છે કે ટીચર પોતે પણ આ જ નાવમાં સવાર છે.

પોતાનું બાળક સ્કૂલવાનમાં ઘેટાં-બકરાંની જેમ ઠૂંસાઈને સ્કૂલ આવ-જા કરી રહ્યું છે એ નજરે જોવા છતાં જે માતાપિતા પોતાનાં બાળકોને જાતે સ્કૂલ સુધી લેવા-મૂકવા નથી જઈ શકતાં એ જ માબાપ પોતાનું બાળક લંચબૉક્સમાં શું લઈ જાય છે એ બાબતેય બેદરકારી દાખવે છે. એમાંય સ્કૂલ સવારની હોય ત્યારે તો જાણે આજકાલની માતાઓના માથે આભ તૂટી પડે છે. કાં તો એ પહેલેથી લાવેલો નાસ્તો લંચબૉક્સમાં ભરી દે છે અથવા પ્રેમથી બાળકના હાથમાં દસ-વીસ રૂપિયા પકડાવી દે છે. બાળકને તો એ જ જોઈતું હોય છે. સ્કૂલની નજીકમાં જ નાસ્તાનાં પડીકાં આસાનીથી મળી જાય છે, જે બાળક ખરીદી લે છે.

પ્રસંગસર

કુંતલ નિમાવત
knn786@gmail.com

પરંતુ, આ બધું ખાઈને બાળકો મજબૂત નથી થતાં. વારે-તહેવારે માંદાં પડે છે અથવા માંદગી સામે ઝીંક નથી ઝીલી શકતાં. એવે વખતે ડૉક્ટર અને દવા પાછળ ખર્ચ કરીને માતાપિતા પોતાની ફરજ પૂરી કરી હોવાનો સંતોષ લઈ લે છે. પરંતુ મૂળ કારણનું નિવારણ કરતાં નથી.

ઘરનું ખાવાનું શ્રેષ્ઠ છે અને બહારનું એટલું જ જોખમી એ આપણે સૌ જાણીએ છીએ પણ તેમ છતાં મહત્તમ બહારનું ખાવાનું બાળકોને આપીએ છીએ. બાળકે સ્હેજ જિદ કરી કે આપણી સ્હેજ અનુકૂળતા ઓછી થઈ કે આપણે જંક ફૂડ અથવા નાસ્તાનાં પડીકાંનો આશરો લઈ લઈએ છીએ.

થોડું મૅનેજ કરી લઈએ, થોડું પ્લાનિંગ કરી લઈએ તો બાળકોને ઘરમાં બનેલો ને તેમ છતાં ટેસ્ટી ને પૌષ્ટિક નાસ્તો આપવો જરાય અઘરું નથી. સરકાર કે સ્કૂલ નિયમો બનાવશે એનાથી ઝાઝો ફરક નથી પડવાનો પરંતુ બાળકોના વાલીઓય પોતાની જવાબદારી સ્વીકારી આ નિયમોનો ચૂસ્તપણે અમલ થાય એ માટે અને પોતાના તરફથી પણ યોગદાન માટેનો નિર્ણય કરશે તો જ સકારાત્મક પરિણામ મળશે. દરેક વાલીએ પોતાની જવાબદારી સમજીને આ માટે યત્નશીલ થવું જોઈએ.